DATE :- 29-10-2026

SANDESH, PAGE-02, SURAT

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) લિમીટેડ

(ભારત સરકાર અને ગુજરાત સરકારનું સંયુક્ત સાહસ)

ઓફિસ નં. ૧, પહેલો માળ, કર્મયોગી ભવન, સેક્ટર 10/B, ગાંધીનગર : ૩૮૨૦૧૦, ગુજરાત (CIN): U60200GJ2010SGC059407

આપણી મેટ્રો

જાહેર સૂચના

સુરત મેટ્રો રેલ ફેઝ-I ના તમામ વપરાશકર્તાઓને આથી જાણ કરવામાં આવે છે કે ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડના કાર્યક્ષેત્ર હેઠળ સુરત મેટ્રો રેલના પૂર્ણ થયેલા વિભાગમાં સ્થિત ભેસાણ ડેપો સિકીવિંગ સબસ્ટેશન (RSS) ખાતે નીચે દર્શાવેલ 66/33 kV વીજ પુરવઠા પ્રણાલી, 66 kV સ્વિચગિયર, 33 kV સ્વિચગિયર તથા 66 kV અને 33 kV કેબલ પ્રણાલીને નીચે દર્શાવેલ તારીખે અથવા ત્યારબાદ વીજપ્રવાહિત કરવામાં આવશે. નીચે દર્શાવેલ તારીખથી આ વીજ પ્રસારણ પ્રણાલીને હંમેશાં વીજપ્રવાહિત (LIVE) ગણવામાં આવશે. તેથી, કોઈપણ અનધિકૃત વ્યક્તિએ 66/33 kV સબસ્ટેશન તથા નીચે દર્શાવેલ 66 kV અને 33 kV વીજ પુરવઠા વિસ્તારની નજીક જવું નહીં કે ત્યાં કોઈપણ પ્રકારનું કામ કરવું નહીં.

વિભાગ	વીજપ્રવાહિત કરવાની તારીખ
ભેસાણ RSS (ગ્રેડ લેવલ) સ્ટેશન તથા ભેસાણ RSS (ગ્રેડ લેવલ) સ્ટેશનની અંદર આવેલ ASS/TSS, જેમાં નીચેની પ્રણાલીઓનો સમાવેશ થાય છે: ૧. AC વીજ પુરવઠા માટેનું 66 kV મીટરિંગ સબસ્ટેશન (આઉટડોર). ૨. AC વીજ પુરવઠા માટેની 66 kV HT કેબલ (આઉટડોર). ૩. AC વીજ પુરવઠા માટેનાં 66 kV GIS સ્વિચગિયર્સ (ઇન્ડોર). ૪. AC વીજ પુરવઠા માટેનું 20/30 MVA પાવર ટ્રાન્સફોર્મર. ૫. AC વીજ પુરવઠા માટેનું 33 kV સહાયક સબસ્ટેશન (ઇન્ડોર). ૬. AC વીજ પુરવઠા માટેની 33 kV HT કેબલ (આઉટડોર). ૭. DC ટ્રેક્શન વીજ પુરવઠા માટેનું 750 V DC ટ્રેક્શન સબસ્ટેશન (ઇન્ડોર).	29.10.2026

જનરલ મેનેજર, ટ્રેક્શન-જીએમઆરસીએલ